सत्यमेव जयते

# પાલિતાણાના મહેરબાન ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)સાહેબની કોર્ટમાં, મુ.પાલિતાણા.

**<u>ફોજદારી કેસ નં. 601-26</u>**

**<u>આંક–</u>**

**ફરિયાદી :** સરકારશ્રી

વિરૂધ્ધ

**તહોમતદાર:** અજયભાઇ નરશીભાઇ પરમાર,
રહે. નોંઘણવદર ગામ,
તા.પાલીતાણા, જી.ભાવનગર.

ફરિયાદી તરફે વિદ્ધાન સરકારી વકીલશ્રી એસ.આર.વનાળીયા
તહોમતદાર તરફે વિદ્ધાન વકીલશ્રી એ.બી.જોષી

## –::ચુકાદો :–

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર પાસેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દારૂ વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ ગયેલ. તે મુજબની ફરિયાદ આધારે તપાસ કરનાર અધિકારીએ પોલીસ તપાસ કરી આરોપી સામે પૂરતા પુરાવા મળી આવતા પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ સમન્સ કરતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ કેસ પેપર્સની નકલ વિનામૂલ્યે આરોપીને આપવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી ઉપરોકત ગુના અંગેની પ્લી લેવામાં આવતાં,આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર

કરતા આ કામે ફરિયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવામાં પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામાં ગુના લગત કરવામાં આવેલ પંચનામું રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થતાં ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

**-::પુરાવાનું મુલ્યાંકન ::-**

(૫) આ કામે ફરિયાદની હકીકત જોતાં બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હોવાનું જણાઈ આવે છે. તે ધ્યાને લેતાં આ કામે સ્વતંત્ર સાહેદો અને પંચો સહેલાઈથી મળી રહે તેમ માનવાને કારણ છે. હાલના કામે ચાર્જશીટ વંચાણે લેતાં આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલા નથી કે સ્વતંત્ર સાહેદોને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી.

(૬) હાલના કામે જે પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તે ફરી ગયેલ છે એટલે કે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. તેઓ પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી. જેથી ફરિયાદપક્ષ પંચનામાને સાબિત કરી શકયો નથી. વધુમાં, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે **જે,(૨૦૧૧)૨૬ જી.એચ.જે.(૧)** માં પ્રસિધ્ધ થયેલા છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરિયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદીના પુરાવા પર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહી. તેમ ઠરાવવામાં આવ્યુ છે. તેમજ **માનસીંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જે.એલ.એચ.ઈ.એલ.એચ.સી. પાના નંબર-૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ **"જો કોઈ પંચ સાહેદો ફરિયાદના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને**

**સ્લીપ કરેલાનો શંકા ઉપજવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ના હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય" વધુમાં કબજે કરેલ પદાર્થ દેશી દારૂ છે તે બાબતે કોઈ FSL રિપોર્ટ કોર્ટમાં રજુ થયેલ નથી. તેથી કબજે થયેલ મુદદામાલ શું છે તે બાબતે કોઈ સ્પષ્ટ રેકર્ડ પર નથી.**

(૭) વધુમાં પોલીસ જ આ કામે ફરિયાદી છે. પોલીસ દ્વારા જ ગુનો નોંધી/નોંધાવી તેની તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરેલ છે. આ સમગ્ર હકીકત અને ગુનાનો પ્રકાર તથા સજાનું પ્રમાણ ધ્યાને લેતાં, આ કામે રજુ થયેલ ગુના લગત પંચનામું બિનપુરવાર રહેલ છે. જયારે પંચનામાની હકીકત જ પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષના અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ ફરિયાદપક્ષના કેસના ગુણદોષ ઉપર કોઈપણ અસર થાય તેમ જણાઈ આવતુ નથી.

(૮) સમગ્ર હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી પાસેથી ગુજરાત પ્રોહીબીશન એકટની જોગવાઈ મુજબનો કોઈપણ પ્રતિબંધિત પદાર્થ કે વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોય તે શંકાથી પર સાબિત થતુ નથી.

(૯) તેથી ઉપરોક્ત કરેલ ચર્ચા અને કારણોસર ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના **આરોપીને** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧)અન્વયે તેની સામેના પ્રોહિ એકટની **૬૫એએ** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ પ્રોહિબિટેડ મુદ્દામાલ નિયમ અનુસાર અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો અને જો

અગાઉ સદર કામે મુદ્દામાલનો વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમનો કરવામાં આવે છે તેમજ મુદામાલ રોકડ રકમ સરકારમાં જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીનને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબના અપીલ સમયના જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે તથા જામીનદાર ઈચ્છે ત્યારે કોર્ટ રૂબરૂ હાજર થઈ જામીનગીરીમાંથી છુટા થઈ શકશે.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૪/૦૭/૨૦૨૬
સ્થળઃપાલિતાણા.

**(અભિષેક વિ. વર્મા)**
ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)
પાલિતાણા.
**જજ કોડ:જીજે૦૧૬૯૩**